144 કલાકથી પાણીનો બગાડ, છતાં પાણી પુરવઠા વિભાગના પેટનું પાણી હલતું નથી; જનતામાં ભારે આક્રોશ

# વિશ્વ જળ દિવસે જ વડોદરાના માર્ગો પર લાખો લીટર પીવાનું પાણી 'બિનવારસી'!

**કાગળ પરની શિખામણ અને જમીન પર કામની બેદરકારી વચ્ચે મોટો તફાવત ચોખ્ખો દેખાય છે**



(પ્રતિનિધિ) વડોદરા, તા.22
સમગ્ર વિશ્વ જ્યારે આજે 'વિશ્વ જળ દિવસ' ઉજવી રહ્યું છે અને પાણીના એક-એક ટીપાનું મહત્વ સમજાવી રહ્યું છે, ત્યારે વડોદરા મહાનગરપાલિકાએ કંઈક અલગ જ રીતે આ દિવસની 'ઉજવણી' કરવાનું નક્કી કર્યું હોય તેમ લાગે છે.

વડોદરા શહેરના મકરપુરા મેઈન રોડ પર છેલ્લા છ દિવસથી પીવાના પાણીની મુખ્ય લાઈનમાં ભંગાણ સર્જાયેલું છે, જેના દ્વારા લાખો લીટર શુદ્ધ પાણી રસ્તા પર વહાવીને તંત્રએ જાણે જળદેવતાનો 'અભિષેક' કર્યો છે! શહેરમાં ગરમીનો પારો 41 ડિગ્રીને આંબી ગયો છે. સામાન્ય નાગરિક જ્યારે એક માટલા પાણી માટે વલખા મારી રહ્યો છે, ત્યારે મકરપુરામાં છ દિવસથી પીવાનું પાણી ગટરમાં વહી રહ્યું છે. સ્થાનિકોએ રજૂઆતો કરીને થાક્યા, પણ પાણી પુરવઠા વિભાગના કાન સુધી હજુ આ 'વહેતા પાણીનો અવાજ' પહોંચ્યો નથી. કદાચ તંત્ર એ વાતની રાહ જોઈ રહ્યું છે કે ક્યારે રસ્તા પર પૂર આવે અને પછી જ તેઓ જાગે! સ્માર્ટ સિટીના બણગાં ફૂંકતા સત્તાધીશોની પોલ મકરપુરાના આ ભંગાણે ખોલી નાખી છે.

છેલ્લા 144 કલાકથી સતત વહી રહેલા પાણીને કારણે રસ્તાઓ પર ખાડા પડી રહ્યા છે અને વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. સ્થાનિકોનો રોષ ગરમી કરતા પણ વધુ તપી રહ્યો છે. લોકો પૂછી રહ્યા છે કે, "શું તંત્રને માત્ર ટેક્સ ઉઘરાવવામાં જ રસ છે? શું પાણી જેવી પાયાની જરૂરિયાત માટે પણ અમારે આંદોલનો કરવા પડશે?" કહેવાય છે કે 'જળ એ જ જીવન છે', પણ વડોદરાના વહીવટી તંત્ર માટે કદાચ 'જળ એ જ વેડફાટ' છે. વિશ્વ જળ દિવસ પર મોટી મોટી પોસ્ટ મૂકતા નેતાઓ અને અધિકારીઓ જો મકરપુરા રોડની મુલાકાત લે, તો તેમને સમજાય કે કાગળ પરની શિખામણ અને જમીન પરની બેદરકારી વચ્ચે કેટલો મોટો તફાવત છે. હવે જોવાનું એ રહે છે કે, શું આ સમાચાર વાંચ્યા પછી તંત્રના બહેરા કાને અથડાશે કે પછી 'વિશ્વ જળ દિવસ' પૂરો થતાની સાથે જ આ સમસ્યાને પણ કાયમ માટે 'પાણીમાં' બેસાડી દેવામાં આવશે?

## વડોદરા વાઘોડિયા રોડ પર જોખમી મુસાફરીના વિડિઓ વાયરલ

(પ્રતિનિધિ) વાઘોડિયા, તા.22
વડોદરા વાઘોડિયા ફોરલેન રોડ પર પરપ્રાંતીયો વાહન ચાલોકોએ વાહનશેફટીના તમામ નિયમોના ધજાગરા ઉડાવતા હોય તેવા વિડિઓ વાયરલ થયા છે.મધ્યપ્રદેશના પાર્કિંગ વાળા વાહનોમાં શ્રમિકોને ખીચોખીચ ભર્યા વાહનોના છાપરે બેસાડી ગેર કાયદેસર મુસાફરો વહન કરતા આવા વાહનો RTO અને રોડ સેફ્ટી ના તમામ નિયમો નેવે મૂકી મુસાફરોનો જીવ સામે જોખમ ખેડી મુસાફરો અને અન્યની જિંદગી જોખમાય તેવા પ્રકારની મુસાફરી કરાવતા હોય તેવો વિડિઓ વાઘોડિયા વિસ્તારમાં વાયરલ થતા પોલીસની કાર્યવાહી પર શંકા કુશંકા પેદા થાય છે.



સાંસદ ડૉ. હેમાંગ જોશીની ઉપસ્થિતિમાં પ્રેરણાદાયક સેમિનાર

## ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા વડોદરા ચેપ્ટરનો ૪૮મો સ્થાપના દિવસ ઉજવાયો

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
ઈન્સ્ટિટ્યૂટ ઓફ કંપની સેક્રેટરીઝ ઓફ ઈન્ડિયા (આઈસીએસઆઈ) ના વડોદરા ચેપ્ટર દ્વારા ૪૮મા સ્થાપના દિવસની ઉજવણી ભવ્ય રીતે કરવામાં આવી હતી. કાર્યક્રમમાં આઈસીએસઆઈના રાષ્ટ્રીય અધ્યક્ષ સીએસ પવન ચંદક, કેન્દ્રીય પરિષદ સભ્ય સીએસ રાજેશ તારપરા, સીએસ આશીષ કરોડિયા, પશ્ચિમ પ્રદેશીય પરિષદ અધ્યક્ષ સીએસ યોગેશ ચૌધરી તેમજ મુખ્ય અતિથિ તરીકે વડોદરાના લોકસભા સભ્ય ડૉ. હેમંગ જોશી ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ૨૦૦થી વધુ કંપની સેક્રેટરી સભ્યો ઉત્સાહપૂર્વક જોડાયા હતા. મુખ્ય અતિથિ ડૉ. હેમંગ જોશીએ પોતાના પ્રેરણાદાયક સંબોધનમાં કંપની સેક્રેટરીની ભૂમિકાની તુલના મહાભારતના વિદુર સાથે કરતાં જણાવ્યું હતું કે કંપની સેક્રેટરી સંસ્થા માટે માર્ગદર્શક, નૈતિકતા જાળવનાર અને




શાસન વ્યવસ્થાનો મજબૂત આધારસ્તંભ છે. ચેપ્ટરના અધ્યક્ષ સીએસ સાગર ટેલરે જણાવ્યું હતું કે કંપની સેક્રેટરી કોર્પોરેટ શાસન વ્યવસ્થામાં અત્યંત મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવે છે અને બદલાતા કાયદાકીય માળખામાં તેમની જવાબદારીઓ સતત વિસ્તરી રહી છે. સ્થાપના દિવસ નિમિત્તે એક દિવસીય વ્યાવસાયિક સેમિનારનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિન્દ્રા સમૂહના સીએસ નારાયણ શંકર તથા સીએસ ગૌરવ પિંગલે સેબી આંતરિક માહિતીના દુરુપયોગ પ્રતિબંધ નિયમો અને કંપની કાયદા ૨૦૨૩ તેમજ ભવિષ્યમાં આવનારા ફેરફારો અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

## રણોલી તથા સમા વિસ્તારમાંથી રૂપિયા રૂ.2.95 લાખના મુદ્દામાલની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા શહેરના ન્યૂ સમા રોડ પર આવેલી ચાણક્યપુરી સોસાયટીમાંક રહેતા જયંતિલાલ છગનલાલ શાહે નોંધાવેલી ફરિયાદ મુજબ 18 માર્ચના સાંજના 6 વાગ્યાથી 19 માર્ચના રોજ સવારે 10.30 વાગ્યા વચ્ચે રણોલી જીઆઈડીસી વિસ્તારમાં આવેલી તેમની પારસ એન્ટરપ્રાઈઝ કંપનીના ગેટ પાસે આવેલા ખુલ્લા શેડમાંથી એલ્યુમિનિયમ કોઈલના અંદાજે 200 કિલોના 20થી 21 રોલ કિંમત અંદાજે રૂ.1 લાખની ચોરી કરી ફરાર થઈ ગયા હતા.બીજા બનાવમાં સમા રોડ ઉપર આવેલી લક્ષ્મી કુંજ સોસાયટીમાં રહેતા સીમાબેન આશિષભાઈ અમીને નોંધાવેલી ફરિયાદ મુજબ 16 માર્ચ પહેલાં કોઈ પણ સમયે તેમના નિવાસસ્થાનની તિજોરીમાંથી સોનાની ચેઈન, બે વીંટી, રોકડ રકમ તેમજ ચાંદીના બાર સહિત રૂ.1.95 લાખની માલમતાની ચોરી કરી રફુચક્કર થઈ ગયા હતા.

રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયાની ઉપસ્થિતિ

## વડોદરામાં 45મી રાષ્ટ્રીય મેડિકોસ કોન્ફરન્સનો સમાપન

**"રાષ્ટ્રને પ્રથમ"ના સંદેશ સાથે યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં જોડાવા હાકલ**

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વડોદરા ખાતે આયોજિત ૪૫મી રાષ્ટ્રીય મેડિકોસ કોન્ફરન્સ (NMCON 2026) ના સમાપન સમારોહમાં ગુજરાતના આરોગ્ય, પરિવાર કલ્યાણ અને તબીબી શિક્ષણ વિભાગના રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરિયા મુખ્ય અતિથિ તરીકે હાજર રહ્યા હતા.

શહેરની એક મેડિકલ કોલેજ ખાતે યોજાયેલી આ બે દિવસીય રાષ્ટ્રીય પરિષદમાં દેશભરના વિદ્યાર્થીઓ અને ડોકટરો મોટી સંખ્યામાં જોડાયા હતા. સમાપન પ્રસંગે મંત્રીશ્રીએ પરિષદની પ્રશંસા કરતાં તેને "મિની કુંભ" તરીકે સંબોધિત કરી હતી. તેમણે જણાવ્યું




કે દેશના વિવિધ ખૂણાઓમાંથી આવેલા વિદ્યાર્થીઓ અને ડોકટરો અહીં ભેગા થઈને જ્ઞાન પ્રાપ્ત કરી રહ્યા છે અને હવે તે જ્ઞાનનો ઉપયોગ સમાજ અને રાષ્ટ્રની સેવા માટે કરશે. તેમણે વધુમાં "રાષ્ટ્રને પ્રથમ" રાખવાનો સંદેશ આપતાં યુવાનોને રાષ્ટ્ર નિર્માણમાં સક્રિય ભૂમિકા ભજવવા હાકલ કરી હતી. NMCON 2026 માં યુવા ડોકટરો અને વિદ્યાર્થીઓની સક્રિય ભાગીદારીની પણ તેમણે પ્રશંસા કરી હતી.

## વેમાર (કરજણ) ખાતે અનુપમ મિશન દ્વારા દીદીજીને 'શાલીન માનવ રત્ન' એવોર્ડ અર્પણ

(પ્રતિનિધિ) વડોદરા, તા.22
વેમાર ખાતે અનુપમ મિશન દ્વારા આયોજિત એક ભવ્ય સમારોહમાં સ્વાધ્યાય પરિવારની ધુરા સંભાળનાર પરમ પૂજનીય દીદીજી (શ્રીમતી જયશ્રી તળવળકર)ને 'શાલીન માનવ રત્ન' એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે અનુપમ મિશને પરમ પૂજનીય દીદીજીનું અભિવાદન કરતાં જણાવ્યું કે સ્વાધ્યાય પરિવાર માટે આ વર્ષ વિશેષ છે કારણ કે શ્રીમદ્ ભગવદ્ગીતા પાઠશાળાનું ૧૦૦મું વર્ષ, પૂજનીય તાઈજીનું શતાબ્દી વર્ષ અને દીદીજીનું ૭૦મું વર્ષ શરૂ થઈ રહ્યું છે. પૂજનીય દીદીજીના હૃદયસ્પર્શી ઉદ્ગાર એવોર્ડ સ્વીકારતા પૂજનીય દીદીજીએ ભાવસભર શબ્દોમાં જણાવ્યું હતું કે, "ભગવાનની કૃપા અને પ્રેમ કેવો હોય તેની આજે મને પ્રતીતિ થાય છે. પ્રેમનો આવો પણ એક આવિષ્કાર હોઈ શકે છે. પરંતુ આ બધું જે કંઈ છે તે મારા પિતા પરમ પૂજનીય પાંડુરંગ શાસ્ત્રી



આઠવલે (પૂજનીય દાદાજી) થકી છે." પોતાના અને યોગીજી બાપાના સંબંધો વિશે તેમણે જણાવ્યું હતું કે, "આજે હું એવોર્ડ સ્વીકારવા આવી છું એવું તમને લાગતું હશે,

પરંતુ મારું આવવાનું કારણ યોગીજી બાપાનો દાદાજી ઉપરનો અને દાદાજીનો યોગીજી બાપા પરનો અપાર પ્રેમ છે. આજે હું કોઈ એવોર્ડ લેવા નથી આવી પરંતુ ભાઈને મળવા એક બહેન આવી છે."તેમણે ઉમેર્યું હતું કે, "રત્ન એટલે હીરો. હીરાને જેમ પાસા પડે તેમ તેનો પ્રકાશ દેખાય છે. મારી જે કિંમત છે તે મારા ઉપર જેણે પરિશ્રમ કર્યો છે તેના થકી છે.

બે દિવસ પહેલા સમા કેનાલમાં એક વ્યક્તિએ અગમ્ય કારણોસર પડતું મૂક્યું હતુ

## સમા નર્મદા કેનાલમાં બે દિવસ પૂર્વે ખાબકેલા આધેડનો મૃતદેહ પંચવટી પાસેથી મળ્યો


(પ્રતિનિધિ) વડોદરા, તા.22
સમા કેનાલની ઘટનાનો કરુણ અંત બે દિવસ પૂર્વે કેનાલમાં ઝંપલાવનાર ઓમપ્રકાશ સુથારનો મૃતદેહ પંચવટી કેનાલ પાસેથી મળી આવ્યો હતો. વડોદરા ફાયર બ્રિગેડની સતત જહેમત બાદ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યો હતો. આ બનાવને પગલે પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું હતું. જ્યારે, પોલીસે વધુ તપાસ હાથધરી હતી.

વડોદરાના સમા વિસ્તારમાંથી પસાર થતી નર્મદા કેનાલમાં ખાબકેલા આધેડનો મૃતદેહ બે દિવસ બાદ પંચવટી કેનાલ પાસેથી મળી આવી છે. કેનાલમાં ઝંપલાવનારની ઓળખ થઈ ગઈ છે, મૃતદેહ મળી આવતા પરિવારમાં ઘેરા શોકની લાગણી પ્રસરી



ગઈ છે. બે દિવસ પહેલા સમા કેનાલમાં એક વ્યક્તિએ અગમ્ય કારણોસર પડતું મૂક્યું હોવાની શંકા હતી. સ્થાનિકોએ તંત્રને જાણ કરતા વડોદરા ફાયર બ્રિગેની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. શરૂઆતમાં કોઈ મજબૂત પુરાવા નહીં હોવા છતાં ફાયર બ્રિગેડની ટીમ દ્વારા શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું છે કે, કેનાલમાં ઝંપલાવનાર વ્યક્તિનું નામ ઓમ પ્રકાશ સુથાર હતું. બે દિવસની સતત શોધખોળ બાદ ગત રાત્રે મૃતદેહ પંચવટી કેનાલ પાસેથી મળી આવ્યો છે. જેને ફાયરબ્રિગેડના જવાનોએ બહાર કાઢી પોલીસને સોંપતા મોટનું સચોટ કારણ જાણવા પોસ્ટમોર્ટમ માટે મૃતદેહને સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

## ફતેગંજ પત્રકાર સોસાયટી ખાતે પેવર બ્લોક લગાવવાના કામનું ખાતમુહૂર્ત



વડોદરા : સયાજીગંજના ધારાસભ્ય શ્રી કેયુર રોકડીયાના હસ્તે ફતેગંજ પત્રકાર સોસાયટીથી દીપક નગર ફ્લેટ સુધીના માર્ગ પર પેવર બ્લોક લગાવવાના કામનું ખાતમુહુર્ત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં વિસ્તારના ધારાસભ્ય કેયુર રોકડિયા, કોર્પોરેટર રૂપલબેન મહેતા, ડો.રાજેશ શાહ (નિકીર) ઉપરાંત સ્થાનિક આગેવાનો, સોસાયટીના રહીશોએ ઉપસ્થિત રહી કાર્યક્રમની શોભા વધારી હતી. પત્રકાર સોસાયટીની રજૂઆતને ધ્યાનમાં રાખીને અહીં પેપર બ્લોક નાખવાના કામને ધારાસભ્ય કેયુર રોકડિયાએ તુરંત મંજૂરી આપી હતી અને તેમના ક્વોટામાંથી રૂ.4.80 લાખની ગ્રાન્ટ ફાળવવામાં આવી છે.

# "અડધી રાત્રે ફોન કરજો" સાહેબનો સંદેશ જાહેર, પણ નંબર 'ગુપ્ત'!




હર્ષ સંઘવી જ્યારે જાહેર મંચ પર હોય અને ભાષણમાં કડકાઈનો તડકો ઉમેરાય, ત્યારે વાતો પણ 'એક્શન મૂવી' જેવી જ થાય. વડોદરામાં યોજાયેલા એક કાર્યક્રમ દરમિયાન હર્ષ સંઘવીએ શહેર પોલીસની પ્રશંસા કરતાં કહ્યું કે જો ક્યાંય પોલીસ ટીમ ચૂકી જાય તો "અડધી રાત્રે ફોન કરજો, હું બેઠો છું!" પણ ભાષણ પૂરુ થાય ત્યાં પહેલાં જ પબ્લિકમાંથી એક સીધો અને સચોટ સવાલ ઉછળ્યો–

"સાહેબ, નંબર તો આપો!"

નાયબ મુખ્યમંત્રીએ ભાષણમાં કહ્યું હતું કે જો કોઈ ટપોરી કે અસામાજિક તત્વો સામાન્ય નાગરિકોને હેરાન કરે તો ગુજરાત પોલીસ 'હનુમાનજીના સ્વરૂપ'માં દેખાશે અને એક એકને ખૂણે ખૂણેથી શોધીને સીધા કરી દેશે. સાથે ઉમેર્યું કે કોઈ રાજકીય ભલામણ સાંભળવામાં નહીં આવે અને કડક કાર્યવાહી થશે. ભાષણ સાંભળીને લાગ્યું કે હવે તો વડોદરાના ટપોરીઓએ સિમ કાર્ડ જ બદલી નાખવા પડશે! પરંતુ મંચ પરથી નીચે ઉતરતા જ પબ્લિકનો રિયલિટી ચેક આવી ગયો–

"સાહેબ, નંબર આપો!"

પરંતુ નંબરની જગ્યાએ માત્ર બે હાથ જોડીને પ્રણામ મળતા લોકો વચ્ચે રમૂજી માહોલ સર્જાયો. હવે શહેરમાં ચર્ચા ચાલી રહી છે કે "અડધી રાત્રે ફોન કરવો છે, પણ કોને અને કયા નંબર પર?" ચાની કીટલીથી લઈને રાજકીય ગલિયારાઓ સુધી એક જ વાત ગૂંજી રહી છે– સાહેબે તો કહી દીધું ફોન કરજો પણ નંબર હજુ 'ટોપ સિક્રેટ' છે!

### પોલીસનો ધમકીનો ધંધો : કાયદાના રક્ષકો કે "રીચાર્જ એજન્ટો" ?




વડોદરામાં ગેરકાયદે દારૂ, જુગાર, ગાંજો અને અન્ય નશીલા પદાર્થોના ધંધા સામે કડક કાર્યવાહી કરવાની ઉચ્ચ અધિકારીઓની સૂચનાઓ તો કાગળ પર ખૂબ જ તાકાતવર લાગે છે. પરંતુ મેદાનમાં કેટલાક ખાખીધારીઓએ આ અભિયાનને "આવક વધારાની ખાસ યોજના"માં ફેરવી નાખ્યું હોય એવું લાગી રહ્યું છે. સૂત્રો કહે છે કે શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદે ધંધા બંધ કરાવવાના બદલે કેટલાક લાચીયા પોલીસ કર્મચારીઓએ "સેટિંગ સેવા" શરૂ કરી દીધી છે. ધંધાર્થીઓને કાયદાનો ડર બતાવી પહેલા ઉઘરાણી અને પછી "ધંધો ચાલુ રાખવાની ગેરંટી" - જાણે કોઈ પ્રીમિયમ પેકેજ ચાલતું હોય એમ ચર્ચાઓ ચાલી રહી છે.
તાજેતરમાં તો એક રસપ્રદ બનાવ સામે આવ્યો છે, જેમાં એક પોલીસ કર્મચારીએ સીધી ઓફર મૂકી - "એક લાખનો મોબાઈલ લઈ આપો, નહીં તો તમારો ધંધો બંધ!" કાયદાની કલમોથી નહીં, પણ મોબાઈલના મોડલથી નિર્ણય થતો હોય એવી નવી વ્યવસ્થા ઉભી થઈ હોય એમ લાગી રહ્યું છે. અંતે ધંધાર્થીએ અંદાજે 1 લાખનો મોબાઈલ આપી "શાંતિ કરાર" કરી લીધો હોવાનું કહેવાય છે. ચર્ચા તો એવી પણ છે કે મહિને લાખોની ઉઘરાણી છતાં કેટલાક કર્મચારીઓની "સેવા ભાવના" એટલી વધી ગઈ છે કે હજુ વધુ અપગ્રેડની માંગ ચાલુ જ રહે છે. કદાચ આને જ "ડિજિટલ ઈન્ડિયા"નો સ્થાનિક આવિષ્કાર કહી શકાય! આવા બનાવોથી પોલીસ વિભાગની છબી પર પ્રશ્નચિહ્ન ઊભું થયું છે. એક તરફ અધિકારીઓ કડક કાર્યવાહી કરવાની જાહેરાત કરે છે, અને બીજી તરફ મેદાનમાં કેટલાક કર્મચારીઓ "વ્યક્તિગત વિકાસ યોજના" અમલમાં મૂકે છે. હવે જોવાનું રહ્યું કે ઉપરવાળા અધિકારીઓ ખરેખર કાર્યવાહી કરે છે કે પછી આ પણ કોઈ "સેટિંગ"માં સમાઈ જશે.

### ચૂંટણીની 'શોર્ટ નોટિસ' રમત શરૂ? 'બળવો' અટકાવવાની માસ્ટર સ્ટ્રેટેજી કે લોકશાહીમાં 'ફાસ્ટ ટ્રેક' પ્રચારનો નવો પ્રયોગ?



ગુજરાતમાં આગામી મે મહિનામાં યોજાનારી સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની ચૂંટણી પહેલાં જ રાજકીય વાતાવરણ ગરમ થઈ ગયું છે. પરંતુ આ વખતે ચર્ચાનો મુખ્ય મુદ્દો વિકાસ, વિઝન કે વોર્ડના પ્રશ્નો નહીં, પરંતુ "પ્રચાર માટે કેટલા દિવસ મળશે?" એવો બની ગયો છે. કારણ કે રાજકીય વર્તુળોમાં એવી ગજબની ચર્ચા ચાલી રહી છે કે ઉમેદવારોને આ વખતે મતદારો સુધી પહોંચવા માટે ઘડિયાળ સાથે દોડ લગાવવી પડશે.
25મી માર્ચે વિધાનસભાનું બજેટ સત્ર પૂર્ણ થયા બાદ ગમે ત્યારે ચૂંટણીની જાહેરાત થઈ શકે છે. એટલે ઘણા મુરતિયાઓએ તો પોસ્ટર છપાવતાં પહેલાં જ કેલેન્ડર જોવાનું શરૂ કરી દીધું છે–"સમય મળશે કે નહીં?" એ જ મોટો પ્રશ્ન બની ગયો છે. ખાસ કરીને પ્રથમ વખત ટિકિટની આશા રાખતા કાર્યકરો માટે પરિસ્થિતિ થોડી મુશ્કેલ છે. તેઓ હજુ સુધી પોતાનો ફોટો કયા બેનરમાં મોટો રાખવો તે નક્કી કરી રહ્યા છે, ત્યાં ચર્ચા ચાલી રહી છે કે કદાચ બેનર લગાવવાનો સમય જ નહીં મળે! બીજી તરફ હાલના કાઉન્સિલરો માટે પણ ચિંતા ઓછી નથી–કારણ કે છેલ્લી ઘડીએ ટિકિટ કપાઈ જાય તો "બળવો કરવો કે મૌન ધારણ કરવું?" તે વિચારવાનો પણ સમય નહીં મળે એવી શક્યતા છે. રાજકીય ગલિયારાઓમાં એવી પણ ચર્ચા છે કે પ્રચારનો ગાળો ટૂંકો રાખવાની પાછળનું ગણિત ખૂબ જ રસપ્રદ છે. ટિકિટ ન મળનારાઓ અપક્ષ તરીકે મેદાનમાં ઉતરે અથવા અન્ય પક્ષમાં જઈ નુકસાન કરે તે પહેલાં જ ચૂંટણી પૂરી કરી દેવાની આ એક પ્રકારની "ઝડપી લોકશાહી સેવા" હોવાનું મનાય છે! આ તરફ વહીવટી તંત્ર પણ ચૂંટણી માટે તૈયારીઓમાં લાગી ગયું હોવાનું કહેવાય છે. આઈએએસ અને આઈપીએસ અધિકારીઓની બદલીઓના લિસ્ટ તૈયાર છે અને મામલતદારથી લઈને ડેપ્યુટી કલેક્ટર સુધીના અધિકારીઓ પણ "ચૂંટણી સ્પેશિયલ ટ્રાન્સફર એક્સપ્રેસ"માં સવાર થવાની રાહ જોઈ રહ્યા છે. હાલ તો વડોદરાના રાજકીય ચોરાઓ પર એક જ સવાલ ગૂંજી રહ્યો છે– "ટિકિટ કોને મળશે?" અને તેનાથી પણ મોટો સવાલ– "પ્રચાર માટે સમય મળશે કે માત્ર શુભેચ્છા મેસેજ મોકલવાનો?"

### 'ખુરશી' માટેની દોડમાં 'સીટ' જ ગઈ! પૂર્વ નગરસેવકો 'પ્રથમ હરોળ'માંથી સીધા પાછળ ધકેલાયા!




વડોદરાના રાજકીય ગલિયારામાં આજકાલ એક જ ચર્ચા ગૂંજી રહી છે– "ખુરશી નજીક આવવાની ઉતાવળમાં ખુરશી જ હાથમાંથી સરકી ગઈ!" નાયબ મુખ્યમંત્રીની હાજરીમાં યોજાયેલા 'વિશ્વાસ 2.0' કાર્યક્રમ દરમિયાન બનેલી એક ઘટનાએ શહેર ભાજપમાં 'પ્રોટોકોલ' કરતાં વધુ 'પોઝિશનિંગ' મહત્વનું બની ગયું છે તેવો સંદેશ આપી દીધો છે. માહિતી મુજબ, વોર્ડ નં. 12 અને વોર્ડ નં. 4 ના પૂર્વ નગરસેવકો ધારાસભ્યની નજીક દેખાવાની ઉત્સુકતા સાથે પ્રથમ હરોળમાં બેસી ગયા હતા. પરંતુ ફરજ પરના પોલીસ કર્મચારીઓએ તેમને ઓળખવાનો સૌજન્યપૂર્ણ પ્રયાસ પણ કર્યા વગર સીધું જ કહ્યું–

"આ સીટ રિઝર્વ છે."

અને પછી જે થયું તે રાજકીય ભાષામાં કહીએ તો "પ્રથમ લાઈનમાંથી સીધી ગ્રાઉન્ડ લેવલ પર રીલોકેશન"! આ ઘટના બાદ શહેરમાં ચાની કીટલીથી લઈને પાર્ટી ઓફિસ સુધી એક જ સવાલ ચર્ચાઈ રહ્યો છે– "જો પોલીસ ઓળખતી નથી તો જનતા કેટલું ઓળખતી હશે?" કેટલાક કાર્યકરો તો દબાયેલા અવાજે કહેતા સાંભળાયા–"પાવર બતાવવા ગયા હતા, પણ પ્રોટોકોલે પાવર કટ કરી નાખ્યો!"

ગુજરાતમિત્ર વડોદરાની ગપસપ

રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આગામી ચૂંટણી પહેલા ટિકિટની આશામાં ઘણા નેતાઓ 'વિઝિબિલિટી' વધારવાના પ્રયાસોમાં એટલા આગળ વધી રહ્યા છે કે પ્રોટોકોલ અને શિસ્ત પાછળ રહી જાય છે. પરંતુ આ ઘટનાએ સાબિત કરી દીધું કે માત્ર આગળની હરોળમાં બેસવાથી રાજકીય ઊંચાઈ વધતી નથી. સોશિયલ મીડિયામાં પણ આ ઘટનાને લઈને મીમ્સનો વરસાદ શરૂ થઈ ગયો છે. કેટલાકે તો ટિપ્પણી કરી–

"મંત્રીઓની નજીક આવવાની લ્હાયમાં પોતાનું રાજકીય અંતર જ વધી ગયું!"


આમ, વડોદરાના રાજકીય મંચ પર આ ઘટનાએ એક નવો પાઠ શીખવાડી દીધો છે– ખુરશી પાસે બેસવાથી નહીં, પરંતુ જનતા પાસે ઊભા રહેવાથી ઓળખ બને છે.

### કલેક્ટર કચેરીમાં 'નો એન્ટ્રી'નો માહોલ? જનતા બહાર રાહ જુએ અને અહીં તારીખ પે તારીખ!




વડોદરાની કલેક્ટર કચેરીમાં આજકાલ એક નવો અનોખો પ્રયોગ ચાલી રહ્યો છે, કામ ઓછું, તારીખ વધુ! જનતામાં ચર્ચા છે કે કચેરીમાં હવે ફાઈલ કરતાં "પછી આવો" શબ્દ વધુ ઝડપથી આગળ વધે છે. શહેરમાં સરકારી કચેરીઓના ચક્કર કાપતા નાગરિકો વચ્ચે એક જ સવાલ ગૂંજી રહ્યો છે–"સાહેબ ક્યારે જશે?" કારણ કે હાલનો માહોલ જોતા લાગે છે કે વહીવટ કામ પર નહીં પરંતુ લાંબી રજા પર ગયો હોય એવું લાગે છે. ચર્ચા એવી છે કે કલેક્ટર સાહેબના નેતૃત્વમાં વિકાસ તો કાગળ પર બુલેટ ટ્રેનની ઝડપે દોડી રહ્યો છે, પરંતુ જમીન પર જનતા હજુ પણ "તારીખ પર તારીખ"ની લોકલ ટ્રેનમાં જ ફસાઈ ગઈ છે. બીએલઓની કામગીરી હોય કે જિલ્લાના પાયાના પ્રશ્નો–દરેક મુદ્દે લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે. નવાઈની વાત તો એ છે કે, જિલ્લાના વિકાસની જવાબદારી ધરાવતા સાહેબની પકડ પોતાના જ તાબાના અધિકારીઓ પર દેખાતી નથી. પરિણામે, વહીવટમાં સંકલન કરતાં ગૂંચવણ વધુ જોવા મળે છે. ચાની કીટલીથી લઈને ઓફિસના કોરિડોર સુધી ચર્ચા ચાલી રહી છે કે ધારાસભ્યોએ સંકલન બેઠકોમાં અનેક રજૂઆતો કરી હોવા છતાં સ્થિતિ એવી જ છે–દીવાલ મજબૂત અને રજૂઆત નબળી! જનતા તો હવે મજાકમાં પૂછવા લાગી છે કે આ કલેક્ટર કચેરી છે કે પછી "તારીખ વિતરણ કેન્દ્ર"? અધિકારીઓમાં પણ અંદરોઅંદર ગણગણાટ છે કે સાહેબ પોતે નિર્ણય લેતા નથી અને અમને લેવા દેતા પણ નથી. એટલે ફાઈલ આગળ વધે તે પહેલાં જ થાકી જાય છે. આ તરફ સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓ નજીક આવી રહી છે અને વહીવટી બદલીનો માહોલ પણ ગરમ છે. જાણકારોનું કહેવું છે કે સાહેબને પણ હવે "બદલીના પવન"નો અણસાર આવી ગયો છે, એટલે કદાચ જિલ્લાના પ્રશ્નોમાં રસ ઓછો અને ગણતરી વધુ થઈ ગઈ હોય એવું લાગી રહ્યું છે. અને જનતાની અપેક્ષા પણ સીધી છે: એસી ચેમ્બરમાંથી વહીવટ નહીં, જમીન પર ઉતરતો અધિકારી જોઈએ.

### પરીક્ષા વહેલી, પરિણામ મોડું! ચૂંટણી પહેલાં 'ટાઈમિંગ મેનેજમેન્ટ'નો નવો પાઠ?




ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષાઓ આ વર્ષે આશ્ચર્યજનક રીતે વહેલી પૂર્ણ થઈ ગઈ. વિદ્યાર્થીઓ ખુશ–"ચાલો હવે રજા!" પરંતુ હવે પરિણામ ક્યારે આવશે? એ સવાલનો જવાબ જાણે ચૂંટણી પંચ પાસે જ અટકી ગયો હોય એવું લાગી રહ્યું છે. શહેરમાં હાલ એક રસપ્રદ ચર્ચા ગરમ છે પરીક્ષા વહેલી લેવાઈ, પણ પરિણામ ચૂંટણી પછી જ આવશે! કારણ શું? લોકોના અંદાજ પ્રમાણે, જો પરિણામ વહેલું આવી જાય તો વાલીઓ તરત જ બાળકોને લઈને માઉન્ટ આબુ, ગોવા કે ગામડે વેકેશન મનાવવા નીકળી જાય. અને વાલીઓ શહેર બહાર એટલે મતદાન કેન્દ્રો પર ખાલી ખુરશીઓ! ચર્ચા એવી પણ ચાલી રહી છે કે ચૂંટણી પહેલાં "વોટર હાજરી મેનેજમેન્ટ" માટે પરિણામો થોડા દિવસ 'સેફ કસ્ટડી'માં રાખવામાં આવ્યા હોય એવું લાગે છે.

કારણ કે પરિણામ જાહેર થયા પછી મધ્યમવર્ગીય પરિવારોનું પહેલું કામ– બેગ પેક અને વેકેશન સ્ટાર્ટ! રાજકીય ગલિયારાઓમાં તો મજાકમાં એવું પણ કહેવામાં આવે છે કે આ વખતે વિદ્યાર્થીઓનો નહીં, પરંતુ મતદારોનો "ટાઈમટેબલ" વધુ મહત્વનો બની ગયો છે. કેટલાક વાલીઓ કહે છે– "પહેલા તો અમે બાળકોના માર્ક્સ જોઈને રજા પ્લાન કરતા, હવે લાગે છે પહેલા ચૂંટણીની તારીખ જોઈને રજા પ્લાન કરવી પડશે!" શહેરમાં ચર્ચા છે કે માત્ર 15-20 દિવસનો ટૂંકો પ્રચાર સમય રાખીને તાત્કાલિક ચૂંટણી જાહેર કરવાની ગોઠવણ પણ આ જ વ્યૂહરચનાનો ભાગ હોઈ શકે. જેથી લોકો શહેર છોડે એ પહેલાં મતદાન પૂર્ણ થઈ જાય. હાલ તો વડોદરાની વસાહતોમાં એક જ સવાલ ગૂંજી રહ્યો છે– આ વર્ષે પરિણામ બોર્ડ આપશે કે ચૂંટણીનું શેડ્યૂલ?